# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

## :: પી.જી.ડી.સી.એ. - કક્ષામાં પ્રવેશના નીતિ-નિયમો ::

✓ એનરોલમેન્ટ(પ્રવેશ) માટે શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૨૦૧૮થી અમલમાં....

૧. સ્ટડી સેન્ટરોને યુનિવર્સિટીની કન્ફર્મ માન્યતા પ્રાપ્ત થયા બાદ જ એનરોલમેન્ટ ફોર્મ ભરાવી શકાશે.

૨. પ્રવેશ મેળવવા માટે એનરોલમેન્ટ ફોર્મ દરેક વિદ્યાર્થીઓના ઓનલાઇન ભરવાના ફરજીયાત રહેશે, તેમજ એનલમેન્ટ નંબર યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૧ અને ૨ ના પરીક્ષા ફોર્મ ભરી શકશે.

૩. એકવાર એનરોલમેન્ટ ફોર્મ ભર્યા બાદ પુન: એનરોલમેન્ટ ફોર્મ ભરી શકાશે નહિ, અને જો ફરીથી કોઈ વિદ્યાર્થી ભરવા માંગે તો તેમણે અગાઉ કરાવેલ એનરોલમેન્ટ પહેલા રદ કરાવવાનું રહેશે. તેમજ અગાઉના એનરોલમેન્ટ સંલગ્ન તમામ પરીક્ષાના પરીણામ રદ ગણાશે.

૪. જે સેમેસ્ટરમાં વિદ્યાર્થી નાપાસ થયેલ હોઈ તેમણે તે જ વર્ષ માટે એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું થતું નથી. તેમને માત્ર તે સેમેસ્ટરની પરીક્ષા આપવા માટે રીપીટર તરીકેનું પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

૫. એનરોલમેન્ટ ફોર્મ ભર્યા બાદ સંજોગોવસાત કોઈ વિદ્યાર્થી તે વર્ષમાં કોઈ એક સેમેસ્ટરની કે બંને સેમેસ્ટરની પરીક્ષા આપી શકે નહિ તેવા કિસ્સામાં પણ તે વિદ્યાર્થી તેના આગળના વર્ષનું પરીક્ષા ફોર્મ ભરી શકે છે. જે-તે સેમેસ્ટરમાં પરીક્ષા આપેલ ન હોઈ તેનું રીપીટર વિદ્યાર્થી તરીકે પરીક્ષા ફોર્મ ભરી પરીક્ષા આપવાની રહેશે.

૬. **સ્ટડી સેન્ટર / કોલેજે વિદ્યાર્થીનું પ્રવેશ / રજીસ્ટ્રેશન / એનરોલમેન્ટ ફોર્મ જમા લેતા સમયે વિદ્યાર્થી દ્વારા ફોર્મ સાથે જોડેલ ગુણપત્રકની નકલની ખરાઇ તેમના ઓરીઝનલ ગુણપત્રક સાથે કરી લેવાની જવાબદારી જે-તે સ્ટડી સેન્ટર / કોલેજના કો-ઓર્ડીનેટર / આચાર્યશ્રીની રહેશે.**

૭. અન્ય યુનિવર્સિટીમાંથી એનરોલમેન્ટ ફોર્મ ભરનાર **વિદ્યાર્થીએ માઈગ્રેશન દિન-૪૫ માં જમા કરાવવું ફરજીયાત રહેશે.** નિયત સમયમાં વિદ્યાર્થી ઓરીજનલ માઈગ્રેશન જમા નહિ કરાવે તો પ્રવેશ રદ / પરીણામ અનામત રહેશે.

૮. સ્ટડી સેન્ટરે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના ઓળખકાર્ડ પોતાની કક્ષાએથી ઈસ્યુ કરી આપવાના રહેશે.

૯. **લાયકાત :**

૯.૧. પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં માટે કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતક કે તેની સમકક્ષની પરીક્ષા પાસે કરેલ હોવી જોઈએ.

૯.૧.૧. સ્નાતક કક્ષામાં માત્ર પાસ થનાર વિદ્યાર્થી એનરોલમેન્ટ ફોર્મ ભરી શકે છે. લઘુત્તમ કે મહત્તમ કોઈ ટકાવારીને ધ્યાને જરૂરી નથી.

૯.૧.૨. સ્નાતકની લાયકાત સરકારશ્રી અને યુ.જી.સી. દ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોવી જોઈએ.

૯.૧.૩. *વીથહેલ્ડ / અનામત / નાપાસ / છેલ્લા સેમેસ્ટરની ઓરીઝનલ માર્કશીટ ના હોઈ તેવા કિસ્સામાં એનરોલમેન્ટ ફોર્મ ભરવું નહી અને તેમ છતા જો કોઈ સ્ટડી સેન્ટર દ્વારા ફોર્મ ઓનલાઈન ભરી દેવામા આવશે તો આ માટે જવાબદાર સ્ટડી સેન્ટરના કો-ઓર્ડીનેટરશ્રીની રહેશે અને યુનિ. આ માટે શિક્ષાત્મક પગલા લઈ શકશે.*

## ૧૦. વિષય :

### ૧૦.૧. પ્રથમ સેમેસ્ટર માટે :

| પપેર નંબર | પેપર કોડ | વિષયનું નામ |
|---|---|---|
| પેપર-૧ | ૧૦૧ | Computer Fundamental, Networking, HTML 5 and CSS |
| પેપર-૨ | ૧૦૨ | Logic Development using Programming Language C |
| પેપર-૩ | ૧૦૩ | System Analysis and Design |
| પેપર-૪ | ૧૦૪ | Compulsory Sanskrit |
| પેપર-૫ | ૧૦૫ | Practical Based on PC Packages |
| પેપર-૬ | ૧૦૬ | Practical Based on 101 and 102 |

### ૧૦.૨. બીજા સેમેસ્ટર માટે :

| પપેર નંબર | પેપર કોડ | વિષયનું નામ |
|---|---|---|
| પેપર-૧ | ૨૦૧ | RDBMS Using ORACLE |
| પેપર-૨ | ૨૦૨ | Web Applications Using PHP |
| પેપર-૩ | ૨૦૩ | Application Development Using MS .NET Framework |
| પેપર-૪ | ૨૦૪ | Language Tools and Resources, NLP & Multimedia |
| પેપર-૫ | ૨૦૫ | Practical Based on 201 to 204 |
| પેપર-૬ | ૨૦૬ | System Development Project |

### ૧૦.૩. વિષય બાબતે મહત્વના સુચનો :

**૧૦.૩.૧.** પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ કુલ – ૦૨ સેમેસ્ટરનો અભ્યાસક્રમ છે, જેમાં ઉપરોક્ત મુદ્દા નંબર ૧૦.૧ અને ૧૦.૨ માં જણાવ્યા મુજબના વિષયો ફરજીયાત રહેશે.

**૧૦.૩.૨.** દરેક પેપર અને વિષય દિઠ ૪ ક્રેડીટનો પાઠ્યક્રમ રહેશે.

**૧૦.૩.૩.** વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૨ માં પેપર નંબર – ૨૦૬ (System Development Project) માટે કુલ – ૧૦૦ ગુણનો પ્રોજેક્ટ બનાવવાનો રહેશે. પ્રોજેક્ટનો ટોપીક કો-ઓર્ડીનેટરશ્રીએ આપવાનો રહેશે. પ્રોજેક્ટમાં એક ગૃપમાં મહત્તમ ૦૩ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

**૧૦.૩.૪.** પ્રેક્ટીકલ અને પ્રોજેક્ટની વાઇવા યુનિ. દ્વારા નિમાયેલ કો-ઓર્ડીનેટરશ્રી દ્વારા લેવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટની સોફ્ટકોપી અને રીપોર્ટકોપી સાથે રાખવાની રહેશે.

**૧૦.૩.૫.** પ્રોજેક્ટની સોફ્ટકોપી સી.ડી.માં તમામ વિદ્યાર્થીઓની યુનિ.માં જમા કરાવવી ફરજીયાત રહેશે.

## ૧૧. એનરોલમેન્ટ ફી :

૧૧.૧. પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં એનરોલમેન્ટ ફી પેટે રૂ.૧૦૦/- રહેશે.

૧૧.૨. ફી ભર્યા અંગેની પહોંચ વિદ્યાર્થીને સ્ટડી સેન્ટરે આપવાની રહેશે.

૧૧.૩. સ્ટડી સેન્ટરે એનરોલમેન્ટ ફી યુનિવર્સિટીને **SBI Collect** મારફતે ઓનલાઇન ભરવાની રહેશે, જે ભરવા માટેની માર્ગદર્શિકા (USER MANUAL) યુનિ.ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. ફી ભર્યા બાદ રેફરન્સ નંબરવાળી કોપી ફોર્મ સાથે જમા કરાવવાની ફરજીયાત રહેશે.

૧૧.૪. પ્રવેશ રદ થાય તો એનરોલમેન્ટ ફી પરત મળવા પાત્ર રહેશે નહી.

૧૧.૫. નિયત થયેલ ફી કરતા વધુ ફી કોઇ પણ સંજોગોમાં લઈ શકાશે નહિ.

## ૧૨. ઈન્ટેક (મહત્તમ પ્રવેશ મર્યાદા ) :

૧૨.૧. યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત થયેલ માન્યતા મુજબની ઈન્ટેકના જ ઓનલાઇન એનરોલમેન્ટ ફોર્મ ભરે શકાશે.

૧૨.૨. નિયત ઈન્ટેક કરતા વધુ પ્રવેશ ફોર્મ પ્રાપ્ત થાય ત્યારે પ્રવેશ માટેની મેરીટ યાદી બહાર પાડી પ્રવેશ આપવાનો રહેશે.

૧૨.૩. મેરીટ યાદી સરકાશ્રીની કેટેગરી મુજબ અનામત ટકાવારીને ધ્યાને લઇને બહાર પાડવાની રહેશે.

**૧૩. ઉંમર :** પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે **મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષ** છે.

## ૧૪. અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો :

૧૪.૧. પી.જી.ડી.સી.એ.કક્ષાનો ડિગ્રી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો એનરોલમેન્ટ ફોર્મ ભર્યા બાદ ૦૨ વર્ષનો રહેશે. જેમાં પી.જી.ડી.સી.એ.કક્ષા માટે ૦૧ વર્ષનો અભ્યાસક્રમ હોવાથી ૦૧ વર્ષ ત્યારબાદ સેમેસ્ટરની નાપાસ વિષયની પરીક્ષા પૂર્ણ કરવા ૦૧ વર્ષ વધુ આપવામાં આવશે.

૧૪.૩. મહત્તમ સમયગાળો પૂર્ણ થયા બાદ જો અભ્યાસક્રમના કોઈ સેમેસ્ટરમાં વિદ્યાર્થી નાપાસ હોઈ તેવા સંજોગોમાં નિયમાનુસાર રી-રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**૧૫. પાસીંગ ધોરણ :** સેમેસ્ટર પદ્ધતિમાં તમામ કક્ષામાં દરેક પ્રશ્નપત્ર દીઠ દરેક હેડમાં પાસ થવા માટે ૪૦% ગુણ મેળવવા ફરજીયાત છે. (ઓનલાઈન પરીક્ષામાં ૫૦ ગુણમાંથી ૨૦ અને યુનિ. દ્વારા લેવાતી થીઅરી પરીક્ષામાં ૫૦ ગુણમાંથી ૨૦ ગુણ મેળવવના રહેશે.)

**૧૬.માધ્યમ :** ઉત્તરની ભાષા બંન્ને સત્રમાં ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ઓનલાઇન અને થીઅરી પરીક્ષાના પ્રશ્નપત્રનું માધ્યમ અંગ્રેજી રહેશે. પેપર નંબર-૧૦૪ (**Compulsory Sanskrit**)ની ઉત્તરની ભાષા ગુજરતી અને સંસ્કૃત રહેશે.

## ૧૭. સામાન્ય શરતો :

૧૭.૧. જે વિદ્યાર્થી કામચલાઉ પ્રવેશ પ્રમાણપત્ર (PEC) મેળવવા માંગતા હોઈ તેઓએ નિયત ફી અને અરજી એનરોલમેન્ટ ફોર્મ સાથે કરવાની રહેશે.

૧૭.૨. એનરોલમેન્ટ ફોર્મ મહાવિદ્યાલય / કોલેજ મારફતે યુનિવર્સિટીમાં જમા કરાવવા ફરજીયાત છે.

૧૭.૩. નિયત ફી ભરવામાં આવેલ નહિ હોઈ / લઘુતમ લાયકાત પરિપૂર્ણ થતી નહિ હોઈ / ડોક્યુમેન્ટ જોડેલા નહિ હોઈ / ડોક્યુમેન્ટની નકલ સ્પષ્ટ ના હોઈ / ફોર્મની મહત્વની વિગતો અધુરી કે સાચી નહિ હોય, આવા કિસ્સામાં ફોર્મ રદ થશે.

**૧૭.૪. એનરોલમેન્ટ ફોર્મ ભર્યા બાદ યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટ નંબર યાદી મહાવિદ્યાલય / કોલેજને મોકલશે જેમાં એનરોલમેન્ટ નંબર અને નામ હોય તેનો પ્રવેશ થયેલો ગણાશે. એનરોલમેન્ટ નંબર એ વિદ્યાર્થીનું યુનિક આઈડી ગણાશે જે જરૂરી પત્રવ્યવહાર / ફોર્મમાં અવશ્ય દર્શાવવાનો રહેશે.**

૧૭.૫. સેમેસ્ટર પદ્ધતિમાં વિદ્યાર્થી નીચે મુજબની પ્રક્રિયાથી સ્ટડી સેન્ટર ટ્રાન્સફર કરી શકશે.

૧૭.૫.૧. જે સ્ટડી સેન્ટર છોડવા માંગે છે ત્યાંથી ટ્રાન્સફર પ્રમાણપત્ર લઈ જે સ્ટડી સેન્ટરમાં પ્રવેશ લેવા માંગે છે ત્યાં જમા કરાવવાનું રહેશે.

૧૭.૫.૨. જે સ્ટડી સેન્ટરમાં વિદ્યાર્થી ટ્રાન્સફર થવા માંગે છે તે સ્ટડી સેન્ટરના કો-ઓર્ડીનેટરશ્રીએ કોલેજના નિયમોનુસાર વિદ્યાર્થી પ્રવેશ માટે યોગ્યતા ધરાવે છે કે નહિ ? તેની ખરાઈ કર્યા બાદ પ્રવેશની માન્યતા આપવાની રહેશે.

૧૭.૫.૩. સ્ટડી સેન્ટર દ્વારા જે વિદ્યાર્થીઓ ટ્રાન્સફર કરે છે તે અંગેના ટ્રાન્સફર પત્રની નકલ પ્રવેશ/પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીમાં મોકલતા સમયે સામેલ રાખી મોકલી આપવાની રહેશે ત્યારબાદ જ યુનિવર્સિટી ટ્રાન્સફર કરવાની મંજુરી આપશે.

૧૭.૬. સરકારશ્રી અને યુનિવર્સિટીની પ્રવેશ માટેની જોગવાઈ મુજબ કેટેગરીમાં અનામતનો સમાવેશ કરવાનો રહેશે.

૧૭.૬.૧. સરકારશ્રીની વખતોવખતની અનામત નીતિ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

૧૭.૬.૨. પ્રવેશ શીડ્યુલમાં નક્કી કર્યા મુજબ ઓપન મેરીટની યાદીમાં ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓને સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની રહેશે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમણે અનામત યાદીમાં સમાવવા નહિ. યુનિ.ની મંજૂરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

૧૭.૭. એનરોલમેન્ટ નંબર મળ્યેથી પ્રવેશ કન્ફોર્મ થયા બાદ ફોર્મની અંદર આપવામાં આવેલ કોઈપણ માહિતી બદલી શકાશે નહિ અને વિદ્યાર્થી બદલવા ઈચ્છે તો જરૂરી આધારો સાથે અરજી કરી બદલી શકશે, તથા સદર માહિતીનો ઉપયોગ ભવિષ્યમાં યુનિવર્સિટી દ્વારા જરૂરીયાતને ધ્યાને લઈ કરવામાં આવશે.

૧૭.૮. વિદ્યાર્થીનું નામ તેણે ફોર્મ સાથે જોડેલ માર્કશીટ મુજબ રહેશે, નામના સુધારા માટે માત્ર સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગેજેટ જ માન્ય રહેશે. લગ્ન પ્રમાણપત્ર કે એફિડેવિટ માન્ય રહેશે નહિ.

***૧૭.૯. પ્રવેશ માટે સ્ટડી સેન્ટરે વિદ્યાર્થીના પ્રવેશ / રજીસ્ટ્રેશન / એનરોલમેન્ટ ફોર્મ સાથે નીચે મુજબના જરુરી આધાર / ડોક્યુમેન્ટ લેવાના ફરજીયાત રહેશે.***

૦૧) ૦૧- પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો કલર ફોટો

૦૨) છેલ્લે પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ

૦૩) શાળા છોડ્યાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ

૦૪) જાતિ પ્રમાણપત્રની નકલ / ઓરીઝનલ માઈગ્રેશન / સોગંદનામું ઓરીઝનલ (લાગૂ પડે તો જ જોડવાના રહેશે.)

નોંધ : સોગંદનામું ઓરીઝનલ ત્યારે જોડવું ફરજીયાત રહેશે જ્યારે - હાલમાં જે કક્ષામાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરો છો અને તે પહેલા કરેલ અભ્યાસની વચ્ચે ૦૧ થી વધારે વર્ષનું અંત્તર (ગેપ) રહેલ હોઈ.

૧૭.૧૦. યુનિવર્સિટી દ્વારા વખતોવખત લેવાયેલ નિતી-નિયમોના ફેરફારો બંધનકર્તા રહેશે, જે માટે યુનિવર્સિટીની વેબસાઈટ (**www.shreesomnathsanskrituniversity.info**) જોતા રહેશો.

*****